

શહેરના સેકટર-૭ ખાતે ગઈ કાલે મોડી સાંજે ઈલેકટ્રીકસ ડી.પી.માં અચાનક સ્પાર્ક સાથે ભયંકર અવાજ સાથે આગ ભભુકી ઉઠી હતી. સે-૬/૭ના બસ સ્ટેન્ડ નજીકની આ ડી.પીમાં લાગેલી આગ અને તેના અવાજથી આસપાસમાં રહેતા લોકો તથા ત્યાંથી પસાર થતા રાહદારીઓ ફફડી ઉઠયા હતા અને તંત્રને આ સંદર્ભે જાણ કરી હતી. સદ્‌ભાગ્યે કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ ન હતી.

### વધુ બે વર્ષ માટે ટોરન્ટ પાવર દ્વારા

# વિજદર વધારાની માંગણી સામે વસાહત મંડળે વિરોધ નોંધાવ્યો

## જર્કના ચેરમેનને પત્ર લખી વિરોધ દર્શાવ્યો : અન્ય રાજ્યોની જેમ વિજદર ઘટાડવાને બદલે વધારવાની માંગણી ગેરવ્યાજબી જણાવી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા ગુજરાત વિજ નિયમન પંચ 'જર્ક'ને વર્ષ ૨૦૧૩-૧૪ અને વર્ષ ૨૦૧૪-૧૫ માટે ટોરેન્ટ પાવર દ્વારા વિજદર વધારવાની પીટીશન દાખલ કરવા અંગે વાંધો રજૂ કરતો પત્ર લખવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉના વર્ષ ૨૦૧૨-૧૩ના વિજદર વધારા અંગેની સુનાવણીની મુદત તા. ૨૮મી જાન્યુઆરીએ આવી રહી છે તે પહેલા વધુ બે વર્ષ માટે વિજદર વધારવાની આગોતરી પીટીશન દાખલ કરાઈ છે.

દેશભરમાં રાજ્યો જેવા કે દિલ્હી, હરિયાણા અને મહારાષ્ટ્રમાં વિજદર ઘટાડવામાં આવી રહ્યા છે ત્યારે ટોરેન્ટ પાવર દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માટે વિજદર વધારવા પીટીશન દાખલ કરવી એ કેટલુ વ્યાજબી કૃત્ય છે. તેવા સવાલ સાથે વસાહત મંડળના અરૂણ બુચ અને મયુર વ્યાસે જર્કના ચેરમેનને પત્ર લખ્યો છે. અગાઉ વર્ષ ૨૦૧૨-૧૩ના વર્ષના વિજદર વધારા અંગે કરાયેલી વાંધા અરજીની હજુ આગામી તા. ૨૮મી જાન્યુઆરીએ સુનાવણી છે તે પહેલા જ વધુ બે વર્ષ માટે વિજદર વધારાની પીટીશન દાખલ કરાતા શહેર વસાહત મંડળે પોતાનો વિરોધ નોંધાવતો પત્ર લખ્યો હતો. વસાહત મંડળના પ્રમુખ અરૂણ બુચે અન્ય રાજ્યોની જેમ વિજદર ઘટાડવાના બદલે વધારવાની આ હિલચાલને ગેરવ્યાજબી ગણાવી હતી.




વડોદરા જિલ્લાના જરોદ ખાતે યોજાયેલ ૧૫ દિવસની રાજયકક્ષા હોમગાર્ડઝ લીડરશીપ તાલીમ કેમ્પમાં ચિલોડા યુનિટના હોમગાર્ડઝ છ સભ્યોએ વિવિધ વિષયો પર તાલીમ લીધી હતી. જેમાં જે.એમ. ઠાકોર, શ્રી આર.આઈ. પરમાર, એન.જે. સોલંકી, ડી.આર. પટેલ, બી.એ. રાવળ તથા એસ.એસ. ઠાકોર તાલીમમાં જોડાયા હતા. આ તાલીમ કેમ્પમાં હોમગાર્ડઝ જવાનોએ ફીઝીક્સ ટ્રેનીંગ, આર્મડીલ, ફાયર ફાઈટીંગ ફીલ્ડ કાસ્ટ, બેટલ કાસ્ટ, સ્કેદ ડ્રીલ વીપન ટ્રેનીંગ, સીવીલ ડિફેન્સ, સ્કેસ્યુ, વગેરે વિષયો પર તાલીમ પૂર્ણ કરી પરત ફર્યા હતા. (નટુભાઈ પટેલ, ચિલોડા)

## પડતર માંગણીઓના સંદર્ભે આજે સે. ૩૦ના ઝુંપડાવાસીઓની રેલી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સેક્ટર-૩૦માં આવેલ છાપરામાં રહેતા ઝુંપડાવાસીઓ દ્વારા આવતીકાલે બપોરે ૧૨ વાગે પથિકાશ્રમથી કલેક્ટર ઓફિસ સુધી રેલી યોજવામાં આવી છે. આ ઝુંપડાવાસીઓ તેમની પડતર માંગણીઓમાં જેવી કે શૌચાલય બનાવી આપવા, પાણીના કનેક્શન આપવા, બીપીએલ કાર્ડ આપવા અને ઝુંપડાવાસીઓને કાયદેસરતા આપવા જેવી મુખ્ય માંગણીઓનો સમાવેશ થાય છે. આ રેલીમાં આશરે ૩૦૦ ઝુંપડાવાસીઓ ભાગ લેનાર છે.

# ચૈતન્ય ધામ ખાતે જૈન સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

## ૧૬ યુગલોએ પ્રભુતામાં પગલા પાડયા : ચિલોડા પંથકનાં અન્ય લગ્નોમાં વરસાદે પરેશાની ઉભી કરી



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર તાલુકાના ચિલોડાથી હિંમતનગર તરફના નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ ધણપ ખાતેના ચૈતન્યધામમાં બેતાલીશ દશા હુમ્મડ દિગમ્બર ચોખલા પંચ દ્વારા ભવ્ય સમૂહલગ્નનું આયોજન કરાયું હતું. આ સમૂહલગ્નમાં ૧૬ યુગલો લગ્નગ્રંથિથી જોડાયા હતા. આ ઉપરાંત ચિલોડા પંથકમાં પણ લગ્નની મૌસમ વરસાદી વિઘ્ન છતાં ભરપૂર ખિલી હતી.

આજે વહેલી પરોઢે થયેલ માવઠાને કારણે ચિલોડા પંથકમાં યોજાયેલા લગ્નમાં થોડીક અવ્યવસ્થા જોવા મળી હતી. ઘણા લગ્ન સમારંભોના મંડપ ધોવાઈ જતા જમણવાર માટે સરકારી શાળાઓનો આશરો લેવાયો હતો. જો કે આ બધામાં ધણપ ખાતે આવેલા ચૈતન્ય ધામમાં દિગમ્બર જૈન સમાજના સમૂહલગ્ન ભવ્ય ઝાકમઝોળથી સંપન્ન થયા હતા અને કુલ ૧૬ યુગલોએ તેમના લગ્નજીવનના સંસારનું જોડાણ કર્યું હતું. આ સમૂહલગ્નમાં જૈન પરંપરા મુજબ કળશ સ્થાપન, જિનદર્શન, પલ્લું અને વર ઉઘલાવો, લગ્નવિધી, સ્વામી વાત્સલ્ય અને કન્યા વિદાય જેવા માંગલિક પ્રસંગો પણ યોજાયા હતા. આ લગ્નોત્સવમાં જૈન સમાજના મુંબઈ, ભાયંદર, ઘાટકોપર, વસ્ત્રાપુર, હિંમતનગર, તલોદ, વાપી, વલસાડ, મણિનગર, ઓઢવ, વિહાર, રખિયાલ, દહેગામ, ઈડર, પાલનપુર, બંસવાડા, રમોસ અને ગાંધીનગર જેવા સ્થળોએથી મોટી સંખ્યામાં જૈનોએ ઉપસ્થિત રહી નવદંપતિઓને આર્શીવચન પાઠવ્યા હતા. જૈન સમાજના સુંદર આયોજનને કારણે વાતાવરણનું વિઘ્ન નડતરરૂપ બન્યું ન હતું.

# પોલીસ ભવનનાં ક્લાર્ક એસ.ટી. ડેપોની સામે અચાનક ઢળી પડ્યા

## ખાનગી હોસ્પિટલો, લેબોરેટરીઓ અને મેડીકલ સ્ટોર્સની વચ્ચે સારવાર ન મળતા ક્લાર્કે જીવ છોડ્યો : મૃતદેહ બે કલાક પડ્યો રહ્યો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર એસ.ટી. ડેપોની સામેના માર્ગે સે. ૭ના કોર્નર પર ગઈ મોડી સાંજે ચાલતા હાથમાં બેગ લઈને જતા પોલીસભવનના ક્લાર્ક અચાનક ઢળી પડ્યા હતા. આસપાસ સંખ્યાબંધ ક્લીનીક, મેડીકલ સ્ટોર્સ અને લેબોરેટરીઓ આવેલી છે પરંતુ તેમાંથી કોઈ જ આ ક્લાર્કની મદદે ન આવ્યું અને સારવાર ન મળતા આખરે ક્લાર્કે શ્વાસ છોડ્યો હતો. તેથીયે વધુ કરૂણાતા તો એ બાબતની છે કે મૃત્યુ પછી માણસની કોઈ કિંમત જ ન હોય તેમ તેનો મૃતદેહ બે કલાક સુધી તે જ સ્થળે રઝળ્યો હતો. આખરે જુનિયર સિટીજન કાઉન્સિલની એમ્બ્યુલન્સ મૃતદેહ પોસ્ટમોર્ટમ સુધી ગઈ હતી.

પોલીસ ભવનમાં જી-૧ શાખામાં ફરજ બજાવતા ક્લાર્ક જીતેન્દ્રભાઈ ડાહ્યાભાઈ બ્રહ્મભટ્ટને ખેંચ આવવાથી ઘ-૩ સર્કલથી નજીક ડેપો સામેના માર્ગ પાસે ઢળી પડ્યા હોવાની શકયતા છે. ખેંચ આવી હોય ત્યારે તે દર્દીને સામાન્ય સારવાર પણ મળી જાય તો તે સરળતાથી હરતો ફરતો થઈ જાય છે. પરંતુ આ ક્લાર્કના કરમની કઠણાઈ તો જુઓ... જ્યાં તેને ખેંચ આવી અને ઢળી ગયો તેની આસપાસ સંખ્યાબંધ ખાનગી હોસ્પિટલ, મેડીકલ સ્ટોર્સ અને હોસ્પિટલ ન લઈ ગયા. પોલીસ બોલાવી પરંતુ હરહંમેશની જેમ મોડી..! સિવિલ હોસ્પિટલમાં તો શબવાહીની જ નહીં...! બબ્બે કલાક મૃતદેહ રઝળ્યો ને અંતે જુસિકાની એમ્બ્યુલન્સ વ્હારે આવી અને મૃતદેહ સિવિલ હોસ્પિટલ પહોંચાડ્યો હતો.



લેબોરેટરીઓ છે. પરંતુ એકેયનો મ્હાંયલો ન જાગ્યો અને અંતે તડપી-તડપીને ક્લાર્કે જીવ ગુમાવ્યો. ૧૦૮ બોલાવી પરંતુ મૃતદેહ હોવાથી તેઓ ક્લાર્કના મૃત્ય અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી સે. ૭ પોલીસે તપાસ શરૂ કરી છે. પોસ્ટમોર્ટમમાં મૃતકના વિશેરા લઈ તપાસ શરૂ કરાઈ છે.

# ગાંધીનગરની હદમાં ટ્રાફીક પોલીસે મુકેલા બેરીકેડથી મુસાફરો હચમચી ગયા

## માર્ગ ઉપર વિચિત્ર રીતે ગોઠવેલા બેરીકેડથી વાહન પસાર થતા સમયે મુસાફરો ગબડી પડે છે

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યના પાટનગરની સુરક્ષાની તકેદારીમાં ટ્રાફીક પોલીસ સુસજજ રહે છે. જેમાં ગાંધીનગરની હદમાં ટ્રાફીક પોલીસ દ્વારા ઠેર ઠેર બેરીકેડ ગોઠવી ગતિમર્યાદા અને તપાસ લગતી કામગીરી થાય છે. પરંતુ આ બેરીકેડની ગોઠવણ વિચિત્ર પ્રકારની હોવાથી વાહનોમાં મુસાફરી કરતાં મુસાફરો બેરીકેડ પસાર થવા દરમ્યાન ગબડી પડે છે. જેથી ટ્રાફીક પોલીસે આ ગોઠવણામાં સુધારો લાવી મુસાફરોલક્ષી ગોઠવણ કરવી જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં પ્રવેશ કરવાના તમામ માર્ગો ઉપર ટ્રાફીક પોલીસ દ્વારા એસ આકારમાં બેરીકેડ ગોઠવી દેવાયા છે. ટ્રાફીક પોલીસ દ્વારા સુરક્ષા અંગે લેવાતા તમામ પગલા આવકારદાયક છે. પરંતુ બેરીકેડની ગોઠવણથી મુસાફરોને પડતી મુશ્કેલીઓનો અભ્યાસ ન કરાયો હોવાથી મુસાફરો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

જેમાં બિચારા વ્યક્તિઓ, વૃદ્ધો, મહિલાઓ અને બાળકો આ બેરીકેડથી વિચિત્ર ગોઠવણનો વધુ ભોગ બન્યા છે. એસ.ટી. બસ, વિટકોસ, રીક્ષા અને ખાનગી જીપો સહિતના વાહનોમાં મુસાફરી કરતા મુસાફરો ગાંધીનગરના પ્રવેશ માર્ગો ઉપરની એસ આકાર સર્જાય તેવી બેરીકેડ વ્યવસ્થામાંથી પસાર થતી વખતે એક બીજા ઉપર ગબડી પડવુ, ઉભા હોય તો બાજુમાં નમી જવું તથા એકદમ આગળની તરફ નમી જવુ જેવા અકસ્માતી સંજોગોનો ભોગ બની રહ્યા છે.

આ વિચિત્ર ગોઠવણ ગાંધીનગરના કોબા સર્કલ, ચ-૦ સર્કલ, ચ-૭ સર્કલ, ૩૦ સર્કિલ, ઈન્ફોસિટી સર્કલ, ચિલોડા સર્કલ જેવા અનેક સ્થળોએ ઉભી કરાઈ છે. વાહનચાલક પોતાનું વાહન આ ગોઠવણમાંથી પસાર કરે ત્યારે ગમે તેટલી ધીમી ગતિ હોય પરંતુ મુસાફો હચમચ્યા વગર રહેતા નથી. જેથી આ અંગે યોગ્ય અભ્યાસ કરી ગોઠવણમાં ફેરફાર કરાય તે અનિવાર્ય બન્યુ છે.આ ગોઠવણથી આગળ પાછળના વાહનો વચ્ચે અથડામણ અકસ્માતના બનાવો પણ બન્યા છે.

# અબ્બાસ તૈયબજીના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરાશે

ગાંધીનગર, તા.૨૨

આઝાદીની લડતના સ્વાતંત્ર્ય સેનાની અને ભાવિ પેઢી માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ અબ્બાસ તૈયબજીનો તા. ૧લી ફેબ્રુઆરીએ ૧૬૧નો જન્મદિન છે. આ દિવસે ગુજરાત રાજયની વિધાનસભા બિલ્ડીંગમાં પ્રથમ માળે આવેલા પોડિયમમાં તેમના તૈલચિત્રને સવારે ૧૧ વાગે અધ્યક્ષના હસ્તે પુષ્પાંજલિ અર્પિત કરાશે.

અબ્બાસ શમશુદ્દીન તૈયબજી એક ધર્મપ્રેમી, પ્રમાણિક, ન્યાયી અને ખુદાની બંદગી કરનારા બંદા હતા. તેમણે સન ૧૮૭૯ થી ૧૯૧૩ દરમિયાન ૩૪ વર્ષ સુધી મહારાજા સયાજીરાવ ગાયકવાડના વડોદરા રાજયમાં ન્યાય ખાતામાં નોકરી કરી હતી તેમજ ગાયકવાડના અંગત મિત્ર બન્યા હતા. તેમણે આઝાદીની લડત દરમિયાન કોંગ્રેસની બધી બેઠકોમાં હાજર રહી સન ૧૯૧૯માં જલિયાંવાલા બાગના હત્યાકાંડની તપાસ સમિતિમાં ગાંધીજી દ્વારા પસંદગી પામ્યા હતા. ત્યારબાદ ૧૯૨૧માં 'ટિળક સ્વરાજ ફાળો' ઉઘરાવવામાં ખેડા જિલ્લાના રૂ. ૯૦ હજારની સામે ૧ લાખ પંદર હજારનો ફાળો એકત્ર કરી બતાવ્યો હતો અને સન ૧૯૨૮ની 'ના-કર'ની લડતમાં સક્રીય ભૂમિકા ભજવી હતી. ધારાસણા સત્યાગ્રહમાં તેમની ધરપકડ થતા તેઓએ છ માસની જેલ પણ વેઠી હતી. આ અબ્બાસ તૈયબજીની ૧૬૧મી જન્મજયંતિ તા. ૧લી ફેબ્રુઆરીએ આવી રહી છે ત્યારે વિધાનસભા બિલ્ડીંગમાં પ્રથમ માળે આવેલ પોડિયમમાં તેમના તૈલચિત્રને વિધાનસભા અધ્યક્ષ પુષ્પાંજલિ અર્પણ કરનાર છે.

## રકતદાન શિબિર

ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી ગાંધીનગર શાખા અને સિવિલ હોસ્પિટલ ગાંધીનગર બ્લડ બેંકના સંયુકત ઉપક્રમે રકતદાન શિબિર આજ રોજ સવારે ૧૦-૦૦ કલાકે પ્લોટ નં. ૯૦૮ પાર્થ નિગમ પેટ્રોલ પંપ પાસે સે-૨૧ ખાતે સ્વ. બિહારીભાઈ શિવલાલ શાહની પુણ્યતિથિ નિમિત્તે આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં નગરના નાગરિકોને રકતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ઉંધીયા ઉજાણી કરશે

સમસ્ત ખડાયતા સમાજ ગાંધીનગર દ્વારા ઉંધીયા ઉજાણી કાર્યક્રમ તા. ૨ ફેબ્રુઆરીના રોજ ડૉ. આંબેડકર હોલ સેક્ટર-૧૨ ખાતે રાખવામાં આવેલ છે. જે અંગેના પાસ તા. ૨૩ જાન્યુઆરી સુધી મેળવી લેવા મંત્રી એચ.એચ. ગાંધીએ જણાવ્યું છે.

## અવસાન નોંધ

ગાંધીનગર સ્થિત વિનોદભાઈ મફતલાલ પારેખના માતૃશ્રી કાન્તાબેન મફતલાલ પારેખ (પીંડારડાવાળા)નું અવસાન તા. ૧૯ જાન્યુઆરીના રોજ થયેલ છે. સ્વર્ગસ્થનું સુતક તા. ૨૩ જાન્યુઆરી, ગુરૂવારના રોજ તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૮૬૧/૨, સેક્ટર-૧૩ ગાંધીનગર ખાતે રાખેલ છે.

## ચિલોડા ગામમાં શેરડી ચુસતા ૯૬ વર્ષના રઈબા

આયુષ્ય બલમ્‌, માનવજીવનમાં સૌથી સુધી તન-મનથી તંદુરસ્તી ધરાવતો માનવ તથા સંતોષી નર સદા સુખી માની શકાય છે. દિન પ્રતિદિન મનુષ્ય આયુષ્ય મર્યાદા ઘટી રહી છે. જેમાં અનેક માનવો અકસ્માતોના ભોગ બને છે. યુવાવયમાં પ્રવેશી ચુકેલી વ્યસનબદીથી આયુષ્યની કદી પણ ચિંતા ફિકર કર્યા વિના ખોટા રવાડે ચડી જતાં સૌ માતા-પિતાને ચિંતાનો વિષય બન્યો છે. દિનપ્રતિદિન દિન વ્યસનનું પ્રમાણ વધી રહ્યું છે. તે અતિ ચિંતાજનક બાબત ગણી શકાય. હાલમાં માણસનું મૃત્યુદર અને જન્મદરમાં અનેક તફાવત જોવા મળે છે. જ્યારે જૂની પુરાણી જમાનાની વાતો વાગોળતા ૯૬ વર્ષના રઈબા તંદુરસ્ત તન-મન ધરાવતા હયાત જીવનનિર્વાહ જીવી રહ્યા છે. ચિલોડા ખાતે પિયરમાં મહેમાનગતિએ આવેલા ૯૬ વર્ષના તંદુરસ્ત રઈફઈ સાથેની જૂના જમાનાની વાતો સાંકળવી એક તંદુરસ્ત જમાનાના સાક્ષી પુરી રહ્યા છે. હાલમાં રઈબાનું શરીર પરની ચામડીની કરચલીઓ ઉપસી રહી છે. પરંતુ શરીરમાં કોઈપણ જાતની બિમારી કે રોગનું ચિહ્ન જણાતું નથી. તંદુરસ્ત તન-



મન ધરાવતા રઈબા હાલમાં સારો ખોરાક લઈ તંદુરસ્તી જાળવવા હંમેશા તત્પર બન્યા છે. હાલમાં બાળપણથી ૯૬ વર્ષ આયુષ્ય ધરાવતા રઈબાના દાંત હજુયે હેમખેમ રહ્યાછે. મજબૂત દાંત ધરાવતા 'બા' કઠણ શેરડીનો ડંકો ચૂસી રહ્યા છે. આ સાથે ઘરમાં હરહંમેશ ઘર-કામમાં મદદરૂપ થઈ રહ્યા છે. કોઈપણ પ્રકારનો થાક કે કંટાળા વિના કામ કરવા હંમેશા આતુરતા દર્શાવી રહ્યા છે. આમ ફઈબા સાથેના કૌટુંબિક પરિવારજનો હયાત ન હોવાથી મનોમન દુઃખ સાથે મનોવેદના વ્યક્ત કરી રહ્યા છે. હાલમાં બિન વ્યસની રઈબાનું જીવન જોતાં કેવું આયુષ્ય ભોગવી રહ્યા છે. કેવી કુદરતની બલિહારી ? આજના વ્યસની યુવાવર્ગ ગુટખા, તમાકુ ખાવાથી મો પણ પહોળું થતું નથી. છતાં વ્યસન છોડવા તૈયાર નથી. મોં માંથી અનેક દાંત-દાઢ અદૃશ્ય થવા પામ્યા છે. ખાવામાં તકલીફ પડે છે પણ વ્યસનથી મુક્ત થવું નથી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૪

સૂર્યાસ્ત : ૬.૦૦

## તાપમાન

મહત્તમ : ૨૬.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૪ ટકા ● સાંજે ૫૭ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

**: સ્ક્રીન-૧ :**
ધ લીજેન્ડ ઓફ હરક્યુલસ ૩-ડી(હિન્દી) : ૯.૪૫, ૧૨.૦૦, ૨.૧૫, ૮.૩૦, ૧૦.૪૫
શોલે -૩ડી : ૪.૩૦
**: સ્ક્રીન-૨ :**
યારીયા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૯.૪૫
કરલે પ્યાર કરલે : ૭.૧૫
**: સ્ક્રીન-૩ :**
દેઢ ઈશ્કિયા : ૧૦.૧૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
કરલે પ્યાર કરલે: ૧૨.૧૫, ૬.૪૫
**: સ્ક્રીન-૪ :**
કરલે પ્યાર કરલે : ૯.૩૫
મીસ લવલી : ૧૨.૦૫, ૬.૦૦
ધૂમ-૩ : ૨.૩૦, ૧૦.૦૦

### સીટી પ્લસ

**: સ્ક્રીન-૧ :**
કરલે પ્યાર કરલે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
**: સ્ક્રીન-૨ :**
યારીયા : ૩.૧૫, ૧૦.૦૦
**: સ્ક્રીન-૩ :**
વન ટાયરેકશન (અંગ્રેજી) ૩ડી : ૧૨.૪૫, ૬.૪૫
શોલે-૩ડી : ૩.૦૦, ૯.૦૦
**: સ્ક્રીન-૪ :**
યારીયા : ૧૦.૦૦ ● ધૂમ-૩ : ૧૨.૪૫, ૬.૪૫
વીરમ (તમિલ) : ૧૦.૦૦
**: સ્ક્રીન-૫ :**
દેઢ ઈશ્કિયા : ૧૦.૦૦
યારીયા : ૧૨.૪૫, ૬.૪૫ ● ધૂમ-૩ : ૩.૩૦, ૯.૩૦
**: સ્ક્રીન-૬ :**
યારીયા : ૧૨.૪૫ ● મિ. જોબી કરવાલો : ૪.૦૦
ધૂમ-૩ : ૬.૪૫ ● દેઢ ઈશ્કિયા : ૯.૪૫

### આર વર્લ્ડ

**: સ્ક્રીન-૧ :**
યારીયા : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
**: સ્ક્રીન-૨ :**
કરલે પ્યાર કરલે : ૧૧.૦૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
**: સ્ક્રીન-૩ :**
ધ લીજન્ડ ઓફ હરકયુલસ :૧૧.૧૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

કરલે પ્યાર કરલે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**
યારીયા : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
**: સ્ક્રીન-૨ :**
ધ લીજન્ડ ઓફ હરકયુલસ : ૧૧.૦૦, ૪.૩૦, ૯.૩૦
હાથી મેરે સાથી : ૧.૩૦, ૭.૩૦
**: સ્ક્રીન-૩ :**
હાથી મેરે સાથી : ૧૧.૧૫, ૫.૦૦
કરલે પ્યાર કરલે : ૨.૦૦ ૮.૦૦, ૧૦.૧૫

### ચિરાગ સિનેમા(કલોલ)

કરલે પ્યાર કરલે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબના સભ્યો સાથે મતભેદ થઈ શકે છે.

**વૃષભ** : નિર્ણયોને ખાનગી રાખવા જરૂરી છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. આવક- ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

**મિથુન** : બુદ્ધિ અને મનોબળથી સુખ-સંપન્નતાની સ્થિતિ બનશે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

**કર્ક** : તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : પ્રયત્નોમાં સફળતા મળશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : કૌટુંબિક ચિંતાથી મન ખિન્ન થશે. વધુ ખર્ચ ન કરવો, નહીં તો મુશ્કેલી થઈ શકે છે. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : કાર્યક્ષેત્રમાં વિઘ્નો ઉત્પન્ન થઈ શકે છે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ.

**મકર** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે.

**કુંભ** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. શાસનથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

## ચિરવિદાય

- સ્વ.સજનબા ફતેસિંહ વાઘેલા (ઉ.વ. ૮૫) મુ.પો. પીંડારડા, તા. જિ. ગાંધીનગર
- સ્વ.ગૌતમભાઈ લાલજીભાઈ સોલંકી (ઉ.વ. ૩૬) મુ.પો. સરકીટ હાઉસ સ્ટાફ કવાર્ટસ, તા.જિ. ગાંધીનગર